ડિઝલ કિંમતને અંકુશમુક્ત કરવા સહિતના ઘણાં સુધારા હાથ ધરાશે

આગામી છ મહિનામાં કેટલાક મહત્વપૂર્ણ સુધારાનો સંકેત : રિટેલમાં એફડીઆઇ અને સબસિડી બોજને ઘટાડવા અસરકારક પગલાઓ લેવાશે : વર્ષ ૨૦૧૪માં વધુ એક યુરોપિયન કટોકટી સર્જાશે : કૌશિક બસુ

વોશિંગ્ટન,તા.૨૨

મુખ્ય આર્થિક સલાહકાર કૌશિક બસુએ જણાવ્યું છે કે આગામી છ મહિનામાં ભારતમાં કેટલાક અતિમહત્વપૂર્ણ સુધારા હાથ ધરવામાં આવશે. આ મહત્વપૂર્ણ સુધારામાં રિટેલમાં એફડીઆઇ અને ડિઝલની કિંમતને આંશિક રીતે અંકુશ મુક્ત કરવાની બાબતનો સમાવેશ થાય છે. આ ઉપરાંત અન્ય કેટલાક મહત્વપૂર્ણ સુધારા પણ આર્થિક મોરચે હાથ ધરવામાં આવશે. જેના પરીણામ સ્વરૂપે દેશના વિકાસને નવી ઉંચાઇ ઉપર લઇ જવામાંઆવશે. કૌશિક બસુ નિખાલસ પણે સ્વિકારે છે કે સૌથી મોટા સુધારા તરીકે ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) ખુબજ પડકાર રૂપ છે. કારણ કે આ યોગ્ય પણ છે પરંતુ કેટલાક લોકો આની સામે પણ છે. વર્તમાન વ્યવસ્થા હેઠળ જીએસટી હાથ ધરવામાંઆવેતેમ નહીંઈચ્છનાર લોકોની સંખ્યા પણ મોટી છે. કૌશિક બસુએ તાજેતરમાં જ એક પછી એક નવા વિવાદો છેડે તેવી પ્રતિક્રિયા કરી છે. થ્રિકેટેંક સમક્ષ તેમના નિવેદનના કારણે ટિકા ટીપ્પણીનો સામનો કરી ચૂકેલા કૌશિક બસુએ હવે નવી ગુલાટ મારી દિધી છે. બુધવારના દિવસે બસુએ એમ કહીને રાજકીય વર્તુળોમાં ભારતમાં ખળભળાટ મચાવી દિધો હતો કે ૨૦૧૪ની ચૂંટણી સુધી કોઇપણ મોટા સુધારા શક્ય નથી. બસુએ કહ્યું હતું કે વર્ષ ૨૦૧૪માં વધુ એક યુરોપિયન કટોકટીનો સંકટ રહેલો છે. અન્ય એક વૈશ્વિક કટોકટીને ટાળવા માટે યોગ્ય પગલા લેવામાં આવે તે જરૂરી છે. જે સુધારાઓ હાથ ધરવામાં આવનાર છે તેમાં સમસીડી સુધારાનો સમાવેશ થાય છે. નાણાંમંત્રી પ્રણવ મુખર્જી તેમના બજેટ ભાષણમાં આ અંગેની વાત કરી ચૂક્યા છે. સબસીડીમાં લીકેજને ઘટાડવા યુઆઇડી સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે ભારતમાં સબસીડીમાં લિકેજ ખૂબ જ વધુ છે. જેથી આને દૂર કરવામાં આવે તે જરૂરી છે. સબસીડી બોજમાં ઘટાડો અતિજરૂરી બની ગયો છે.

કાનીમોઝીની ફરી વખત પુછપરછ થાય તેવી વકી

નવી દિલ્હી,તા. ૨૨

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) ડીએમકેના સાંસદ કાનીમોઝીની ફરી એકવાર પૂછપરછ કરે તેવી શક્યતા છે. કારણ કે ૨જી સ્પેક્ટ્રમ ફાળવણી મામલામાં નાણાંકીય ગેરરીતીની સંબંધમાં આ સમાહમાં પૂછપરછ માટે કાનીમોઝી સામે સમન્સ જારી કરવામાં આવ્યું છે. ઈડીના સૂત્રોએ કહ્યું છે કે ઈડીના અધિકારીઓ ૨૬મી એપ્રિલના દિવસે નાણાંકીય દસ્તાવેજો સોંપવા અને નિવેદન નોંધવા માટે તમિલનાડુના પૂર્વ મુખ્યમંત્રી કરુણાનિધીની ૪૩ વર્ષીય પુત્રી કાનીમોઝી સામે સમન્સ જારી કર્યું છે. તેમને હાજર થવા માટે પણ જણાવવામાં આવ્યું છે.

એર ઈન્ડિયા માત્ર છ જ વર્ષમાં નુકસાન ભરપાઈ કરવા તૈયાર

ટર્નએરાઉન્ડ પ્લાનના ભાગરૂપે વર્ષ ૨૦૨૧ સુધી રોકડ કટોકટીગ્રસ્ત એર ઇન્ડિયાને કુલ ૩૦૦૦૦ કરોડ મળશે

નવી દિલ્હી,તા. ૨૨

રોકડ કટોકટીગ્રસ્ત એર ઇન્ડિયા વર્ષ ૨૦૨૧ સુધી

ટર્નએરાઉન્ડ પ્લાનના ભાગરૂપે ૩૦૦૦૦ કરોડ મેળવનાર છે. એર ઇન્ડિયા તેમાં અસરકારક સુધારાના ભાગરૂપે આગામી છ વર્ષમાં તેના તમામ નુકસાનને દુર કરવા ઇચ્છુક છે. સત્તાવાર સુત્રોએ કહ્યું છે કે એર ઈન્ડિયામાં નવા પ્રાણ ફુંકવાના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

સત્તાવાર સુત્રોએ કહ્યું હતું કે આ નાણાંકીય વર્ષમાં ૬૭૫૦ કરોડ રૂપિયા મેળવનાર એરલાઇન માને છે કે તે તેના વર્તમાન વાર્ષિક ઓપરેટિંગ નુકસાનને પાંચ વર્ષમાંઘટાડીને ૨૩ કરોડ સુધી લઇ જશે. જે હાલમાં ૧૭૦૦ કરોડની આસપાસ છે. એર ઈન્ડિયાના એક ટોપના અધિકારીએ દાવો કર્યો છે કે વર્ષ ૨૦૧૮ સુધી રોકડ પોઝિટીવ બનવાની યૈજના છે. એરલાઇનના ટર્નએરાઉન્ડ પ્લાનના આધાર પર આની ગણતરી કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૨ અને વર્ષ ૨૦૨૧ વચ્ચે ૩૦૨૩૧ કરોડ વધારાના પણ તેમા ઠાલવવામાં આવનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે માત્ર એરઈન્ડિયા જ નહીં બલ્કે કિંગફીશર સહિતની ઘણી એરલાઈન્સની હાલત હાલમાં કફોળી બની છે. જેથી ઉડ્ડયનમાં નવા પ્રાણ ફૂંકવા વારંવાર રજૂઆત કરવામાં આવી રહી છે.

આરબીઆઈએ રેટમાં કાપ મુકાતા સરેરાશ ઈએમઆઈ ઘટતા લોનધારકોને રાહત

સામાન્ય અને મધ્યમ વર્ગને આંશિક ફાયદો : રિઝર્વ બેંકે રેટમાં ઘટાડો કરતા પર્સનલ, હોમ લોન, કાર લોન પર માસિક ઈન્સ્ટોલમેન્ટમાં નજીવો ઘટાડો નોધાયો

ચૈન્નઈ,તા.૨૨

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ હાલમાં જ રેટમાં ૫૦ બેઝિક પોઈન્ટનો કાપ મુક્યો હતો. આ કાપના પરિણામ સ્વરૂપે લોન ચોક્કસપણે સસ્તી થઈ છે. સામાન્ય લોકોને આંશિક રાહત થઈ છે. આગામી દિવસોમાં જો આ પરંપરા રિઝર્વ બેંક જાળવી રાખશે તો લોન હજુ પણ સસ્તી થઈ શકે છે. હોમલોન લેનાર લોકોને માસિક ઈન્સ્ટોલમેન્ટ ઉપર સીધો ફાયદો થયો છે. સામાન્ય રીતે એવા નિયમ છે કે હોમ લોન પર ઈએમઆઈમાં દરેક રૂપિયા એક લાખ માટે રૂપિયા ૧૭નો ઘટાડો ૨૦ વર્ષની અવધિની લોનના સંદર્ભમાં થાય છે. આવાસ લોનની વાત કરવામાં આવે તો સીધો ફાયદો થાય છે. આવી જ રીતે રૂપિયા ચાર લાખની ઓટો લોનના કેસમાં માસિક ઈન્સ્ટોલમેન્ટની રકમમાં ૫૦થી ૧૦૦ રૂપિયા ઘટી ગઈ છે. પર્શનલ લોનની વાત

કરવામાંઆવે તો ઈએમઆઈ ઉપર માસિક બચત રૂપિયા ૫૦-૧૦૦ની આસપાસ ઉથી ૪ લાખ રૂપિયા પર લોન પર થઈ શકે છે. આનો સીધો મતલબ એ થયો કે ઓટો, હોમ અને પર્શનલ લોન પર ઈએમઆઈમાં માસિક બચત વધી ગઈ છે. પ્રવર્તમાન હોમ લોનના રેટના માળખાને સમજવાથી ગણતરી સાનુકુળ બને છે. શુક્રવારના દિવસે સીન્ડિકેટ બેંકે પણ બેઝિક રેટમાં ઘટાડો કર્યો હતો. આઈસીઆઈસીઆઈ બેંક, પંજાબ નેશનલ બેંક, આઈડીબીઆઈ બેંકે પણ બેઝ રેટમાં ઘટાડો કર્યો છે. અન્ય જે બેંકો ટૂંકમાં જ નિર્ણય કરનાર છે તેમાં કોટક મહિન્દ્રા અને એચડીએફસી બેંકનો સમાવેશ થાય છે. આરબીઆઈએ ૫૦ બેઝિક પોઈન્ટનો ઘટાડો તાજેતરમાં જ કર્યો હતો. આના મતલબ એ થયો કે ૫૦ બેઝિક પોઈન્ટના ઘટાડાથી સીધી અસર થઈ રહી છે.

૧૦ લાખ સુધીની ત્રણ વર્ષ માટે કાર લોનની સ્થિતિમાં મહીને ઈન્સટોલમેન્ટમાં મહીને ૨૦થી ૨૫૦ સુધીનો ઘટાડો થયો છે. સમગ્ર લોનના ગાળા દરમિયાન કુલ ૭થી ૯ હજાર સુધીની બચત કરી શકાય છે. પરંતુ કાર લોનના સરેરાશ કદ અને પર્શન લોન કમશ : ૪ લાખ અને ૩ લાખ છે કે આરબીઆઈની હિલચાલથી કોઈ મોટો ફાયદો થતો નથી. પ્રવર્તમાન હોમ લોનના નિયમો બે રીતે લાગુ પડે છે. બેંકો લોનની અવધિ ઘટાડી શકે છે. અથવા તો ઈએમઆઈમાં ઘટાડો કરી શકે છે. માર્ચ ૨૦૧૦ અને ઓકટોબર ૨૦૧૧ વચ્ચેના ગાળામાં કઠોર તબક્કો હતો.

ભારતીયો માટે ગર્વની વાત

ચાને ટુંક સમયમાં રાષ્ટ્રીય પીણા તરીકે જાહેર કરાશે

નવી દિલ્હી,તા. ૨૨

ભારતીય લોકો માટે ગર્વની વાત છે. કારણ કે ચાને ટુંક સમયમાં જ રાષ્ટ્રીય પીણા તરીકે જાહેર કરવામાં આવસે. આયોજન પંચના નાયબ અધ્યક્ષ મોન્ટેકસિંહ આહલુવાલિયાએ કહ્યું હતું કે ચાને આગામી વર્ષે એપ્રિલ સુધી રાષ્ટ્રીય પીણા તરીકે જાહેર કરવામાં આવશે. આસામના જોરહાટમાં આસામ ટી લોન્ટર્સ એસોસિએશનના એક કાર્યક્રમમાં આહલુવાલિયાએ વિગત આપતા કહ્યું હતું કે આગામી પહેલી એપ્રિલના દિવસે ચાને રાષ્ટ્રીય પીણા તરીકે જાહેર કરવામાં આવશે. ચાને રાષ્ટ્રીય પીણા તરીકે જાહેર કરવાની કવાયત છેલ્લા કેટલાક સમયથી ચાલી રહી છે. ખુબ ઓછા લોકોને આ વાતની માહિતી છે કે મનીરામ દીવાન આસામમાં ચાના છોડ લગાવનાર પ્રથમ વ્યક્તિ તરીકે હતી. મનીરામ એક ક્રાતિકારી પણ હતા. ભારતમાં ચાના મહત્વ અંગે વાત કરતા આહલુવાલિયાએ કહ્યું હતું કે આની અન્ય વિશેષતા એ છે કે ચાના બગીચાઓમાં કામ કરનાર મોટા ભાગે મહિલાઓ છે. આહલુવાલિયાએ ખાતરી આપી હતી કે કેન્દ્રિય વાણિજ્ય પ્રધાન આનંદ શર્મા ટુંક સમયમાં જરૂરી ખુલાસો કરશે. ભારત દુનિયામાં કાળી ચાના ઉત્પાદનના મામલે નંબર વન છે.

દુનિયામાં સૌથી વધુ ઉપયોગ પણ ભારતમાં જ થાય છે. એક સર્વે મુજબ ભારતમાં ત્રણ ટકા ઘરમાં ચાનો ઉપયોગ થાય છે. સાથે સાથે ચા પાણી બાદ સૌથી સસ્થા પીણા તરીકે પણ છે. ભારતમાં પૈદા થતી ચા પૈકી અડધાથી વધુ ચાનું ઉત્પાદન આસામમાં થાય છે. વર્ષ ૨૦૧૧માં દેશમાં આશરે ૯૯ કરોડ કિલો ચાનું ઉત્પાદન થયું હતું. જૈ પાકી આસામમાં ૫૦ કરોડ કિલો ચાનું ઉત્દન થયું હતું.

બજેટ સત્રના બીજા તબક્કાને લઇને યુપીએ સરકાર સજ્જ

કેટલાક ચાવીરૂપ પેન્ડિગ બિલ પસાર કરાશે : ભાવ વધારા, ભ્રષ્ટાચાર, આતંકવાદ વિરોધી ઈન્ટેલિજન્સ હબની રચનાના મામલે ભારે હોબાળો થવાની સંભાવના

નવી દિલ્હી૨૨

સંસદના બજેટ સત્રના બીજા તબક્કાની મંગળવારથી શરૂઆત થઈ રહી છે ત્યારે સરકારે પણ તમામ મામલે વિરોધ પક્ષના આક્ષેપોનો સામનો કરવા કમર કસી લીધી છે. બીજી બાજુ સંસદના બજેટ સત્રના બીજા તબક્કમાં યુપીએ સરકાર કેટલાક ચાવીરૂપ પેન્ડિગ બિલોને પસાર કરવા માટે આશાવાદી છે. બજેટ સત્રમાં ભાજપ સહિતના વિરોધ પક્ષો ફુગાવા, જીવન જરૂરી ચીજવસ્તુઓના વધતા જતા ભાવ, ભ્રષ્ટાચાર અને ભારે ચર્ચાજગાવનાર આતંકવાદ વિરોધી ઈન્ટેલિજન્સ હબની રચના મામલે સરકારને ભીંસમાં લેવા તૈયારી કરી ચુક્યા છે. સરકાર સામે પ્રથમ પ્રાથમિકતા વર્ષ ૨૦૧૨-૧૩ માટેના બજેટને સંસદ દ્વારા પસાર કરાવી લેવાની રહેશે. પરંતુ વિરોધ પક્ષો હાથ મિલાવી ચુક્યા ચે જેથી સરકાર માટે નવા પડકારો ઉભા થઈ ગયા છે. સરકારને અન્ય અનેક સંવેદનશીલ મામલે પણ ટિકા ટિપ્પણીનો સામનો કરવો પડશે. એવા સંકેત મળી રહ્યા ચે કે બન્ને ગૃહોમાં વિરોધ પક્ષો સુરક્ષાના મામલાને પણ ઉઠાવશે. એક મહિના સુધી ચાલનાર સત્ર દરમિયાન લાંબા સમયથી પેન્ડિંગ લોકપાલ બિલના મામલે રાજકીય ગરમી જામી શકે છે. કારણ કે સામાજિક કાર્યકર અણ્ણા હજારે ફરીએકવાર આંદોલન કરવાના મુડમાં દેખાઇ રહ્યા છે. સૌથી વધુ હોબાળો ફુગાવાનો મામલો જગાવશે. ડાબોરીઓ અને જમણેરી બન્ને આ મામલે સરકાર પર પ્રહાર કરવા તૈયાર છે. સીપીઆઈ-એમના નેતા બાસુદેવ આચાર્યે કહ્યું છે કે ભાવ વધારો ચોક્કસપણે પ્રશ્ન છે. સીપીઆઈ-મના સંસદીય પક્ષના નેતા આચાર્યે કહ્યું છે કે ડાબેરીઓ વ્યુહરચના પર ચર્ચા કરવા બજેટ સત્રની શરૂઆત પહેલા ફરી એકવાર બેઠક યોજશે. તેમણે કહ્યું હતું કે દરેક મામલે ચર્ચા કરવામાં આવી રહી છે. પરંતુ બજેટ સત્રના બાકીના તબક્કા માટે નવી નિતી તૈયાર કરવામાં આવશે.

અખાત્રીજે મોટાપાયે સોનુ, વાહનો અને મકાનો ખરીદાશે

અમદાવાદ, તા.૨૨

આગામી તા.૨૪ એપ્રિલ મંગળવારના રોજ અતિશુભ દિવસ અખાત્રીજ આવતો હોવાથી રાજયમાં મોટા પ્રમાણમાં લગ્નો, સોનુ, વાહનો અને મકાનની ખરીદી થશે. આ ઉપરાંત લોકો દાન કરીને પુણ્ય મેળવશે.

આ વખતે અખાત્રીજના દિવસે રાજા અને મંત્રીનો દુર્લભ સંયોગ આવી રહ્યો છે. જ્યોતિષીઓના મતાનુસાર ૨૪ એપ્રિલે ૧૨ વર્ષ બાદ સૂર્ય રાજા અને મંત્રી એટલે કે ગુરૂનો સુંદર સંયોગ સર્જાનાર છે. અગાઉ ૬ મેં ૨૦૧૨ના રોજ આ પ્રકારનો યોગ સર્જાયો હતો. ૨૦૧૨ પછી ૨૦૨૪ના વર્ષમાં આવો યોગ આવશે. આ દિવસે રોહિણી નક્ષત્ર આખો દિવસ અને રાત રહેશે. અક્ષય તૃતિયાને અનંત અક્ષય ફળદાયક કહેવામાં આવે છે. આ દિવસે સૂર્ય અને ચંદ્ર બંને પોત-પોતાની ઉચ્ચ રાશિમાં રહેશે. આ દિવસે જેમની સગાઈ કે લગ્ન થાય તેમનું સૌભાગ્ય અખંડ રહે છે. આ દિવસે મૂહર્ત જોયા વિના કેમ કરવામાં આવે છે. મંગળવારે સૂર્ય મેષ રાશિમાં અને

વૃષભ રાશિમાં રહેશે. શુક્ર પણ પોતાની વૃષભ રાશિમાં રહેશે. આવી સ્થિતિ ૧૨ વર્ષે સર્જાય છે.

ભવિષ્ય પુરાણ અનુસાર અખાત્રીજના દિવસે સતયુગ અને ત્રેતાયુગના આરંભ ગયો હતો. ભગવાન વિષ્ણુના ૨૪ અવતારોમાં ભગવાન પરશુરામ, નરનારાયણ, હયગ્રીવ એવા ત્રણ અવતાર અખાત્રીજના દિવસે ધરતી પર અવતર્યા હતાં. બદ્રિનારાયણ તીર્થધામના કપાટ દર્સન માટે આ દિવસે જ ખૂલે છે. વૃંદાવનમાં બાંકે બિહારીના ચરણ વંદન પણ માત્ર અખાત્રીજના દિવસે જ થાય છે. વર્ષમાં સાડા ત્રણ અક્ષય મુહૂર્થ છે. આમાં સૌથી વધુ મહત્વ અખાત્રીજનું છે. આ ઉપરાંત ગૂડી પડવો અને દશેરા તેમજ દિવાળીના મુહૂર્ત અતિ શુભ મનાય છે. આ ઉપરાંત ગૂડી પડવો અને દશેરા તેમજ દિવાળીના મુહૂર્ત અતિ શુભ મનાય છે. આ દિવસે પંખો, ચોખા, મીઠું, ઘી, સાકર, સાગ, આમલી, ફળ અને વસ્ત્રોનું બ્રાહ્મણોને દાન કરવું જોઈએ.

અખાત્રીજના દિવસે મોટી રકમનું સોનું ખરીદી શકાય એમ ન હોય તો ૧૦૦ રૂપિયાનું સોનું પણ ખરીદી શકાય એવા વિકલ્પો છે. ગોલ્ડ ઈટીએફ થકી વર્ચ્યુઅલ સોનાની ખરીદીમાં પેપર સ્વરૂપે સોનું ખરીદી શકાય છે અને જરૂર પડ્યે શેરની જેમ વેચી શકાશે. અખાત્રીજે પોર્ટફોલિયોમાં પીળી ધાતુનો ઉમેરો કરાય તેવા વિકલ્પો ઉપલબ્ધ છે. ગયા વર્ષે બીએસઈ-એનએસઈમાં અખાત્રીજે રૂપિયા ૫૦૦ કરોડથી વધુના ટર્નઓવર નોંધાયા હતાં. રોકાણકારોને ૧૦, ૫૦ કે ૧૦૦ ગ્રામ સોનાની ખરીદી હમે હમે થઈ શકે તેવી સુવિધા આપવામાં આવે છે. શહેરમાં જ્વેલર્સના ક્યાં મોટા પ્રમાણમાં લોકો સોનાની ખરીદી કરશે. ઘણા એડવાન્સ બુકીંગ કરાવી દીધું છે. આ ઉપરાંત દ્વિચકી વાહનો અને કારની પણ મોટાપાયે ખરીદી થશે. આ દિવસે મકાનો વેચાશે અથવા વસ્તુ કે ઘડો મુકીને લોકો નવા મકાનમાં રહેવા જશે. રાજયમાં ૧૫૦૦ યુગલો લગ્ન કરે તેવી શક્યતા છે.

રામદેવ સાથે સંયુક્ત આંદોલન ન કરવા ટીમ અણ્ણાની અંતે જાહેરાત

ટીમ અણ્ણાની બેઠકમાંથી મુસ્લિમ સભ્ય મુફ્તી શમૂન કાઝમી અધવચ્ચે જ બહાર નિકળી ગયા : ટીમ અણ્ણાની કોર કમિટિમાંથી અલગ થવાની જાહેરાત

નવી દિલ્હી,તા. ૨૨

ભ્રષ્ટાચાર અને કાળા નાણાંની સામે સંયુક્ત લડાઈ લડવાની બાબા રામદેવ અને અણ્ણા હજારેએ જાહેરાત કર્યા બાદથી ટીમ અણ્ણામાં ખેંચતાણની સ્થિતી સર્જાઈ હતી. હવે ટીમ અણ્ણા તરફથી જાહેરાત કરી દેવામાં આવી છે કે બાબા રામદેવની સાથે મળીને આંદોલન ચલાવવામાં આવશે નહીં. ગાજિયાબાદમાં હાલના સમયે ટીમ અણ્ણાની બેઠક યોજાઈ હતી. દરમિયાન એક નવો વિવાદ સપાટી પર આવી ગયો છે.

ટીમ અણ્ણાના અગ્રણી સભ્ય મુફ્તી શમૂન કાઝમી મિટિંગ વચ્ચે જ બહાર આવી ગયા હતા અને તેઓએ અણ્ણાની કોર ટીમમાંથી અલગ થઈ જવાની જાહેરાત કરી દીધી હતી. ટીમ અણ્ણામાં મતભેદની સ્થિતિ સર્જાઈ ગઈ છે. ટીમ અણ્ણામાં તિરાડ પડી છે. સૂત્રો મુજબ ટીમમાં રામદેવને સાથે લઈને ચાલવાના મામલે ગંભીર મતભેદો સર્જાયા છે. મતભેદોની સ્થિતિ વચ્ચે સ્પષ્ટતા થઈ ગઈ છે કે બાબા રામદેવની સાથે મળીને સંયુક્ત આંદોલન કરવામાં આવશે નહીં આના માટે ટીમ અણ્ણા સંતુષ્ટ નથી. સૂત્રોના જણાવ્યા મુજબ ટીમ અણ્ણાના ત્રણ મુખ્ય સભ્ય પ્રશાંત ભૂષણ, શાંતિ ભૂષણ અને કિરણ બેદી બાબા રામદેવની સાથે મળીને આંદોલન કરવાના મૂડમાં નથી. આ સભ્યો માને છે કે બાબા રામદેવને સાથે લેવાથી વિશ્વસનિયતા પર અસર થશે. બાબા રામદેવ હંમેશા વિવાદમાં રહ્યા છે. તેમને સાથે લેવાથી આંદોલન નબળુ પડશે. શનિવારના દિવસે પણ ટીમ અણ્ણાના એક સભ્યએ કહ્યુ હતુ કે બાબા રામદેવ અણ્ણાને વિશ્વાસમાં લઈને આગળ વધી રહ્યા નથી. તેઓ પોતાને પ્રોજેક્ટ કરવાના પ્રયાસ કરી રહ્યા છે. અણ્ણાએ શુક્રવારના દિવસે બાબા રામદેવ સાથે વાતચીત કરી હતી ત્યારબાદ પત્રકાર પરિષદનું આયોજન કરાયુ હતુ જેમાં સંયુક્ત લડત ચલાવવાની જાહેરાત કરી હતી. આ પત્રકાર પરિષદમાં અણ્ણા અને રામદેવે પહેલી મેથી આંદોલન ચલાવવાની જાહેરાત કરી હતી.

ટીમ અણ્ણાના એક સભ્યએ નામ જાહેર નહીં કરવાની શરતે કહ્યુ છે કે જો અણ્ણાએ આ જાહેરાત કરી હોત તો કોઈને તકલીફ પડી ન હતો. દરમિયાન ટીમ અણ્ણાના સભ્ય મુફ્તી શમૂન કાઝમી ટીમ અણ્ણાથી અલગ થઈ જવા તૈયાર થઈ ગયા છે. તેઓએ આજે આ મુજબની જાહેરાત કરી દીધી હતી. રવિવારે મુફ્તી બેઠકમાં સામેલ થયા હતા પરંતુ વચગાળામાં જ નિકળી ગયા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે ટીમ અણ્ણાને મુસ્લિમો પસંદ નથી. મુફ્તીએ કહ્યુ હતુ કે અરવિંદ કેજરીવાલ અને કેટલાક અન્ય સભ્યો મુસ્લિમોની અવગણના કરે છે. જ્યારે પણ તેઓ કોઈ નિવેદન કરવાના મૂડમાં હોય છે ત્યારે બોલવાની તક આપવામાં આવતી નથી. તેમણે એવો આક્ષેપ કર્યો હતો કે ટીમ અણ્ણામાં કોર કમિટિ નામ માત્રની છે. નિર્ણયો કેટલાક અન્ય લોકો કરે છે. માત્ર કોર કમિટિનું નામ આપી તેવામાં આવે છે. બીજીબાજુ ટીમ અણ્ણાએ તેમના આરોપોને ફગાવી દીધા છે અને કહ્યુ છેકે તેઓ મિટિંગની કાર્યવાહી પોતાના મોબાઈલ ફોનથી રેકોર્ડીંગ કરતા હતા. જ્યારે તેમને રોકવામાં આવ્યા ત્યારે તેઓ નારાજ થઈને મિટિંગમાંથી નિકળી ગયા હતા અને બીન જરૂરી આક્ષેપો કરવા લાગી ગયા હતા.

રાષ્ટ્રીયકૃત બેંકો સાથે ૧૧૦૦ કરોડની જંગી છેતરપીંડી થઈ

એક ખાનગી કંપનીએ જુદી જુદી બેંકો પાસેથી જંગી નાણાં લઈને દૂરપયોગ કર્યો : મામલામાં ઉંડી તપાસ શરૂ કરાઈ

નવી દિલ્હી, તા.૨૨

કેન્દ્રીય તકેદારી પંચે એક ખાનગી કંપનીની ખૂબ મોટી છેતરપીંડીનો પર્દાફાશ કર્યો છે. આ ખાનગી કંપનીએ જુદી જુદી રાષ્ટ્રીયકૃત બેંકો પાસેથી ૧૧૦૦ કરોડ રૂપિયા લોન તરીકે લઈને તેનો દૂરપયોગ કર્યો હતો. સીવીસીના અધિકારીઓએ કહ્યુંછે કે કંપની એમ કહીને જુદી જુદી બેંકો પાસેથી લોન લઈ રહી હતી કે તેનો ઉપયોગ જુદા જુદા રાજ્યોના ખેડૂતો દ્વારા બીયાની ખેતી કરવા અને પૂરવઠા માટે કરવામાં આવશે. ઉંડી ચકાસણી દરમિયાન બેંક ઓફ મહારાષ્ટ્રના મુખ્ય તકેદારી અધિકારીને અનિયમિતતા સપાટી ઉપર દેખાઈ હતી. તેઓને એવું લાગ્યું હતું કે કંપનીએ ૫૦ કરોડ રૂપિયાની છેતરપીંડી કરી છે. એક સીવીસી અધિકારીએ કહ્યું છે કે આ બાબત જાણવા મળ્યા બાદ અન્ય બેંકો અને સંબંધીત પંચને પણ આ અંગે જાણ કરવામાં આવી હતી. આખરે એવું જાણવા મળ્યું કે સમગ્ર મામલામાં ૧૧૦૦ કરોડ રૂપિયા સંડોવાયેલા છે. કુલ નવ બેંકોએ આ કંપનીને લોન આપી હતી. આપવામાં આવેલી લોનની રકમ કંપનીએ નિયુક્ત ગ્રામીણ સ્તરના જૂથના માધ્યમથી આંચકી લિધી હતી. આ લોન હવે અયોગ્ય પ્રકારની સંપત્તી જાહેર થઈ ચુકી છે અને આને છેતરપીડીની રકમ જાહેર કરી દેવામાં આવી છે. પંચે બેંકોને સલાહ આપી છે કે કર્મચારીઓની જવાબદારી નક્કી કરવામાં આવે અને તેમને સીબીઆઈમાં કેસ દાખલ કરવા કહેવામાં આવે. સીબીઆઇને પણ કેસ દાખલ કરવા અને સમગ્ર મામલામાં તપાસ કરવા ઉંડી સૂચના આપવામાં આવી છે. સમગ્ર મામલામાં તપાસ ચાલી રહી છે. ટૂંકમાં નવી વિગત સપાટી પર આવી શકે છે.

ટોચની ૮ કંપનીઓની માર્કેટ મૂડી ૪૦૦૦૦ કરોડ વધી છે

મુંબઈ, તા.૨૨

કોલ ઈન્ડિયાના માર્કેટ વેલ્યુમાં ઉલ્લેખનીય સુધારો થયા બાદ દેશની ૧૦ ટોચની વેલ્યુડ કંપનીઓ પૈકીની આઠની કુલ સંયુક્ત માર્કેટ મુડીમાં ગયા સપ્તાહમાં ૪૦૦૧૨ કરોડનો ઉલ્લેખનીય વધારો થયો છે. કોલ ઈન્ડિયાની માર્કેટ મૂડી ૧૫૬૬૪ કરોડ રૂપિયા વધીને શુક્રવારના કારોબાર દરમિયાન ૨૨૮૯૯૯ કરોડ સુધી પહોંચી હતી. કંપનીના શેરમાં ૭.૩૪ ટકાનો સુધારો થયો હતો જેથી શેરની કિંમત વધીને ૩૬૨.૫૫ પોઈન્ટ સુધી પહોંચી હતી. આ સપ્તાહ દરમિયાન અન્ય કંપનીઓના માર્કેટવેલ્યુમાં પણ વધારો થયો છે. સીઆઈએલ ઉપરાંત એફએમસીજીની કંપની આઈટીસીમાં પણ મોટો સુધારો થયો છે. તેની માર્કેટ કેપમાં ૭૧૧૪ કરોડ રૂપિયાનો વધારો થયો છે જેથી રોકાણકારોને પણ સારી આવક થઈ છે. એચડીએફસી બેંકની માર્કેટમૂડી ૪૮૮૭ કરોડ વધી છે. જ્યારે ઓએનજીસીએ ૪૫૩૫ કરોડ રૂપિયા ઉમેર્યુ છે. ટીસીએસ, એસબીઆઈ, ભારતીએરટેલની માર્કેટ મૂડી વધી છે આની બિલકુલ વિરુદ્ધમાં આરઆઈએલ, એનટીપીસીની માર્કેટમૂડી ઘટી છે. આરઆઈએલની મૂડીમાં ૬૪૮૪ કરોડનો ઘટાડો થયો છે આની સાથે જ તેની કિંમત ઘટીને ૨૩૯૫૧૬ કરોડ રૂપિયા થઈ ગઈ છે. જ્યારે એનટીપીસીની માર્કેટમૂડી ઘટીને ૧૩૬૪૬૨ કરોડ થઈ ગઈ છે.

પેટ્રોલપંપ ડિલરોની હડતાળ મોકુફ : માંગ પર વિચારણા

પેટ્રોલિયમ પ્રધાનની ખાતરી બાદ હડતાળ મોકુફ : પંપ પર એર પ્રેશર ચેકિંગ, પીવાના પાણી, ટોઈલેટ જેવી સુવિધાઓ પૂરી પાડવા બદલ ચાર્જ લેવાની માંગ વિચારાશે

નવી દિલ્હી, તા.૨૨

પેટ્રોલ પંપના ડિલરોએ આવતીકાલથી શરૂથતી તેમની અચોક્કસ મુદતની રાષ્ટ્રવ્યાપી હડતાળને મોકુફ કરી દીધી છે. આની સાથે જ લોકોને રાહત મળી છે. પેટ્રોલિયમ પ્રધાન એસ જયપાલ રેડ્ડીએ તેમની માંગણી તરફ ધ્યાન આપવાની ખાતરી આપ્યા બાદ આખરે પેટ્રોલપંપ ડિલરોએ તેમની હડતાળ મોકુફ કરી દીધી છે.

તેમની માંગણીઓમાં એર પ્રેસર ચેકીંગ , પીવાના પાણી અને ટોઈલેટ જેવી મૂળભૂત સુવિધા પૂરી પાડવા માટે ચાર્જ લેવા સહિતની માંગણીઓનો સમાવેશ થાય છે. ડિલર ફેડરેશને આજે આ મુજબની જાહેરાત કરી હતી. ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા પેટ્રોલિયમ ટ્રેડર્સે સોમવારે એક દિવસની હડતાળની હાંકલ કરી હતી. ઓલ ઈન્ડિયા પેટ્રોલિયમ ટ્રેડર્સમાં હાલ દેશભરમાં કુલ ૪૦,૦૦૦ પેટ્રોલપંપ ઓપરેટરો આવેલા છે. પેટ્રોલ અને ડિઝલના વેચાણ પર ઉંચા કમિશનની માંગણી પણ કરવામાં આવી રહી હતી. ફેડરેશનના જનરલ સેક્રેટરી અજય બંસલે કહ્યુ છે કે રેડ્ડી ૧૯ અને ૨૦મી એપ્રિલના દિવસે વાતચીતના બે રાઉન્ડ યોજાઈ ગયા બાદ તેમની માંગણી ઉપર ધ્યાન આપવા તૈયાર થઈ ગયા હતા.